# મૂલ્યશિક્ષણ દ્વારા માનવ ઘડતર

મોહન આર. વાજા
પીએચ.ડી સ્કોલર,
ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

## સારાંશ

શિક્ષણના માધ્યમથી વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્રના સર્વાંગીણ વિકાસની સાથે જ રાષ્ટ્રના સામાજિક, સંસ્કૃતિક અને અધ્યાત્મિક વારસાનું યથાયોગ્ય જતન થાય છે. નવી પેઢીમાં પોતાની સંસ્કૃતિ પરત્વે આસ્થા અને નિષ્ઠાના પ્રગટીકરણ સાથે વિકાસયાત્રાને આગળ ધપાવવી હોય તો શિક્ષણનો આધાર સંસ્કૃતિ બનવી જોઈએ. શિક્ષણ અને સંસ્કૃતિ એ એક જ સિક્કાની બે બાજુ છે. જે રીતે વ્યક્તિની સમૃદ્ધિનો આધાર સંપતિ ગણાય છે તેવી જ રીતે સંસ્કૃતિની સમજૂતીનો આધાર શિક્ષણ છે. શિક્ષણ સ્વયં એક પ્રક્રિયા છે જે માનવીની સર્જનશક્તિ, ભાવાત્મક એકતા, અખંડિતા, સ્વાતંત્ર્ય, અભિવ્યક્તિ જેવા અનેક પરિબળોને આવરી લઈ સુસંવાદિત માનવગરિમાના વાહકોનું ઘડતર કરે છે.

આધુનિક શિક્ષણ પ્રણાલીમાં સંસ્કાર સિંચનની ઘોર ઉપેક્ષા કરવામાં આવી રહી છે ત્યારે માર્ગ ભૂલેલી શિક્ષણયાત્રાને પુનઃ તેના મૂળ પથ પર લાવવા માટે શિક્ષણના આધાર તરીકે સંસ્કાર સિદ્ધાંતને લાગુ પડવો તે વર્તમાન સમયની આવશ્યકતા છે. શિક્ષણનો હેતુ માત્ર જ્ઞાનોપાર્જન અને બુદ્ધિના વિકાસ પૂરતો જ સીમિત બનાવી શકાય નહિ, પરંતુ બાળકોના નૈતિક ચારિત્ર્ય ઘડતર અને સંસ્કૃતિક વ્યક્તિત્વના નિર્માણની પ્રક્રિયાને પણ શિક્ષણવ્યવસ્થામાં જોતારવી રહી. વિદ્યાર્થીના વ્યક્તિત્વના સર્વાંગીણ વિકાસની ઝંખનાને પરિપૂર્ણ કરવા માટે સમાજ અને વિદ્યાલયોએ આગળ આવવું જોઈએ. પ્રસ્તુત સંશોધન પત્રને આ હેતુઓ ધ્યાનમાં રાખીને હાથ ધરવામાં આવ્યું હતું: (1) મૂલ્ય શિક્ષણનો આર્થ અને સંકલ્પના સમજવી. (2) મૂલ્ય શિક્ષણના પ્રકારો અને અભિગમો સમજવા. (3) મૂલ્ય શિક્ષણ દ્વારા માનવ ઘડતર કરવું.

## પ્રસ્તાવના

**એક્વીસમી સદીમાં પ્રવેશી ચુકેલો માનવી આજે અસ્તિત્વની શૂન્યતા અનુભવી રહ્યો છે. વિશ્વમાં બની રહેલી ઘટનાઓનો મનુષ્ય આજે મૂક સાક્ષી બની રહ્યો છે તે આજે એક દ્વિધાત્મક પરિસ્થિતિ અનુભવી રહ્યો છે. વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસના લીધે મનુષ્યના સુખ અને સંપતીમા વધારો થવાની સાથે મનુષ્યમાં અસંતોષ, હતાશા અને નિરાશાની હૃદયવેધક ચીસો સંભળાય છે. સુખની શોધમાં નીકળેલો માનવી આજે દુ:ખની ગર્તામાં ધકેલાય રહ્યો છે. આમ થવાનું કારણ આપણા ભૂતકાલીન, ભવ્ય સંસ્કૃતિક વારસા અને**

**મૂલ્યોથી આપણી વિમુખતા છે. સામાન્ય જનસમાજમાં જીવનનાં શ્રેષ્ઠ ઉચ્ચત્તમ મૂલ્યોનું યોગ્ય સંરક્ષણ, સંવર્ધન થાય તો જ આપણી આવતીકાલ ઉજ્જવળ બની શકે તેમ છે.**

**યાંત્રિક ક્રાંતિને લીધે આજે માણસ એક યંત્ર પરથી બીજું અને બીજા પરથી ત્રીજું યંત્ર અવિરતપણે શોધી રહ્યો છે. ટેકનોલોજીની આવી વિવિધ શોધખોળોએ માનવીના શિરેથી કાર્યબોજ ઘટાડી નાખ્યો છે. તેથી આજે મનુષ્યને ફુરસદનો સમય વધુ મળવા માંડ્યો છે અને આજ ખરો સમય છે મૂલ્ય અંગેની પુન:વિચારણા કરવાનો જેની રાહ ચીંધતા પ્રખ્યાત કેળવણીકાર ભાટિયા લખે છે: "સત્યમ, શિવમ અને સુન્દરમ્ જેવા મૂલ્યોને આત્મસાત કરવાથી યુવાનો ધર્મને અનુસરશે."**

## મૂલ્યનો શાબ્દિક અર્થ

મૂલ્યની વ્યાખ્યા આપવાના ઘણા પ્રયત્નો થયા છે. જેમ કે, "મૂલ્યો એ સામાજિક આકાંક્ષાઓ અને લક્ષ્યાંકો છે. જે સામાજિકીકરણની પ્રક્રિયા દ્વારા આત્મસાત થાય છે. આ રીતે આત્મસાત થયા પછી તે પસંદગીયુકત કદર કરવા યોગ્ય ધોરણોનું સ્વરૂપ ધારણ કરે છે."—રાધાકમલ મુખરજી

તો વળી બ્રુબેકર જણાવે છે કે "સુયોગ્ય રાષ્ટ્રનિર્માણ માટે રાષ્ટ્રીય ચારિત્ર્યની અનિવાર્યતા છે. આ રાષ્ટ્રીય ચારિત્ર્યના નિર્માણનું કાર્ય શાળાઓ અને તેમાં અપાતા શિક્ષણ દ્વારા થવું જોઈએ."

ઓક્સફર્ડ શબ્દકોશ અનુસાર Value શબ્દનો અર્થ Worth કે યોગ્ય થાય છે. મૂલ્ય એટલે સાચું-ખોટું તારવવાની શક્તિ. કાર્ટર વિ. ગુડ નામના તજજ્ઞએ 'શિક્ષણકોશ' નામના ગ્રંથમાં યોગ્ય રીતે નિર્દેશ કર્યો છે કે મૂલ્યો એટલે મનોવૈજ્ઞાનિક સામાજિક, નૈતિક કે સોંદર્ય પરખતાને લક્ષમાં રાખીને માનવીની સારું નરસું તારવવાની શક્તિ. તેથી જ કોઠારી કમિશને કહ્યું છે કે, 'ભારતનું ભાવિ તેના વર્ગખંડોમા ઘડાય છે.'

## વિવરણાત્મક અર્થ

**-મૂલ્ય એ ખૂબ જ વિશાળ અર્થછાયા ધરાવતો શબ્દ છે. તેને કોઈ નિશ્ચિત માળખામાં બાંધી શકાય તેમ નથી કારણ કે વ્યાપક અર્થમાં મૂલ્ય એ તદ્દન વ્યક્તિગત બાબત છે.**

**-વ્યક્તિ વ્યક્તિ એ જુદી જુદી વસ્તુ, વ્યક્તિ કે પરિસ્થિતિ મૂલ્યવાન હોય છે. જેમ કે વસ્તુ, વ્યક્તિ કે પરિસ્થિતિ મૂલ્યવાન હોય છે. જેમ કે કોઈને મન પૈસા તો કોઈને મન પ્રવાસ કોઈને મન સ્વતંત્રતા તો કોઈને મન કીર્તિ.**

**-લોકોની મૂલ્ય અંગેની માન્યતા તેની જીવનનીતિ નક્કી કરે છે. તેમ છતાં મૂલ્યનો સીધો સાદો અર્થ જોઈએ તો મૂલ્ય એટલે માનવીએ વસ્તુને આપેલો અર્થ.**

**-મૂલ્યવિચારમાં વસ્તુ, વ્યક્તિ કે પરિસ્થિતિનું મહત્વ નથી પરંતુ તેને જુદી જુદી વ્યક્તિઓ કેવો અર્થ આપે છે તે મહત્વનું છે.**

-પોતાના જીવનકાળ દરમિયાન કયા ધ્યેયો ઈચ્નીય અને અનિચ્નીય તથા તે પ્રાપ્ત કરવાના માર્ગો ઈચ્નીય અને ક્યા માર્ગો અનિચ્નીય તે અંગેની વ્યક્તિની માન્યતા એટલે મૂલ્ય.

-અહીં વ્યક્તિને મન તે વસ્તુનું મહત્વ, ગુણવત્તા અને તે મેળવવા માટેની જરૂરિયાતોનો સંદર્ભ સ્વીકારવામાં આવ્યો છે.

-કવિ સુન્દરમ્ કહે છે કે –"માણસની આસપાસ આખું જગત અને તેના અનંત પદાર્થો પડેલા છે આ પદાર્થોને માનવ પોતાના જીવન સાથે કેવા અને કેવી રીતે સાંકળે છે તે પ્રમાણે પદાર્થનું મૂલ્ય નક્કી થાય છે.

## વ્યવહારિક અર્થ

મૂલ્યની વિભાવના સમજતા પહેલા એક વ્યાખ્યા જોઈએ-

**"To Value means primarily to prize, to esteem, to appreciate, to estimate. It means the act of chirshing something, holding it dear and also the act of passing judgement upon the nature and amount of its value as compared to something else". – John Dewey**

-મૂલ્ય અંકન કરવું એટલે પારિતોષિક આપવો.

-કદર કરવી, અંદાજ બાંધવો, શ્રેષ્ઠતાનું ગુણાંકન કરવું.

-અન્યની તુલનામાં પસંદગી કરીને તુલનાત્મક રીતે ઉચ્તમ છે તેવો નિર્ણય આપવો.

-આથી મૂલ્ય એટલે (1) તુલના (2) પસંદગી (3) નિર્ણય (4) મૂલ્યાંકન. કોઇપણ વસ્તુની અન્યની તુલનામાં પસંદગી પામવાને પત્ર થાય ત્યારે જ તેનું મૂલ્ય અંકાયું છે તેમ કહી શકાય.

-મૂલ્ય એટલે અન્ય સાથે તુલનાત્મક રીતે કિંમત આંકવી, પાત્રતા મૂલવવી.

**We Convey information**

**We Evaluate characteristics of a thing**

**We give value Judgement**

-લક્ષ્યની માહિતી, વસ્તુની લાક્ષણિકતાઓ, તુલના પસંદગી અને નિર્ણય આ પાંચ સોપનોમાંથી મૂલ્ય જન્મે છે.

નિકોલચ રિશરના "મૂલ્યસિદ્ધાંતનો પરિચય" પુસ્તકમાં જુદા જુદા વિચારકોએ જુદી જુદી વ્યાખ્યાઓ રજુ કરી છે.

"મૂલ્ય વિચાર યા વસ્તુમાં વિશ્વાસ મૂકવાનું ઠેકાણું છે. તેને મનુષ્યની ઈચ્છાની પરિપૂર્તિ સાથે સંબંધ છે પરંતુ વસ્તુના ગુણ કે વિચારની ઉદારતા કોઈ વ્યક્તિ કે સમૂહના ગુણને કરને બન્યા હોય છે".- અ ફેયર ચાઈલ્ડ (સમાજશાસ્ત્રીય પરિભાષા)

## મૂલ્યના પ્રકારો

મૂલ્યના મુખ્ય ત્રણ પ્રકારો આ પ્રમાણે છે:

(1) વ્યક્તિગત મૂલ્ય, (2) સામાજિક મૂલ્ય અને (3) વૈશ્વિક મૂલ્ય

(1) વ્યક્તિગત મૂલ્ય:

આ પ્રકારના મૂલ્યો વ્યક્તિગત ભિન્નતાના કારણે ઉભા થયા છે. જે વ્યક્તિના કૌટુંબિક વારસા, સંસ્કાર અને વર્તન જેવી બાબતો પર આધારિત છે. માનસશાસ્ત્ર આ પ્રકારના મૂલ્યોની સમાજ આપે છે. સ્વશિસ્ત, સખત મહેનત, જુસ્સો, સ્વચ્છતા વગેરે મૂલ્યોને વ્યક્તિગત મૂલ્યો તરીકે ઓળખી શકાય.

(2) સામાજિક મૂલ્ય:

જુદાજુદા વ્યક્તિઓના કૌટુંબિક સમાજની નીતિ-નિયમોના તેમજ વિધિ-નીષેધોના કરને આ મૂલ્યો ઉંભા થાય છે.આ પ્રકારના મૂલ્યોમાં સામાજિક સંપર્ક અને સામાજિક આદર્શને લગતી બાબતોનો સમાવેશ થાય છે. જેમ કે, મૈત્રી, સહકાર, જાહેર મિલકતની સંભાળ અન્યની લાગણીનો સ્વીકાર વગેરે.

(3) વૈશ્વિક મૂલ્યો:

આ મૂલ્યોમાં આધ્યાત્મિક, નૈતિક અને ધાર્મિક બાબતોનો સમાવેશ થાય છે. આ બધા મૂલ્યો મૂળભૂત છે. આ પ્રકારના મૂલ્યો અંતર્ગત સંગીત, કાવ્ય વગેરેનો સમાવેશ થાય છે.

## મૂલ્ય શિક્ષણની અનિવાર્યતા

સયુંકત રાષ્ટ્રસંઘની સામાન્ય સભામાં શિક્ષણ અંગેનો ડેસોર્સ રિપોર્ટ **"Learning – the treasure within"** રજૂ થયો જેમાં શિક્ષણના ચાર આધારસ્તંભો સૂચવ્યા છે.

(1) **Learning to know-** જાણવા માટેનું શિક્ષણ

(2) **Learning to do-** સર્જન માટેનું શિક્ષણ

(3) **Learning to live-** સહજીવન માટેનું શિક્ષણ

(4) **Learning to be-** અસ્તિત્વ માટેનું શિક્ષણ

આ આધારસ્તંભોને ચરિતાર્થ કરવા માટે મૂલ્ય શિક્ષણ અનિવાર્ય છે.આ ઉપરાંત બીજી ઘણી બાબતો માટે મૂલ્ય શિક્ષણ જરૂરી છે. જેમ કે,

-ટેકનોલોજીના ઉચિત ઉપયોગ માટે

-સર્જનશીલ વિકાસ માટે

-આધ્યાત્મિક ઉન્નતી માટે

-આંતરિક અશાંતિ દૂર કરવા માટે

-માનવીય ગુણોના વિકાસ માટે

-લોકશાહીના સંરક્ષણ અન એસંવર્ધન માટે

## મૂલ્ય શિક્ષણના અધિગમો

N.C.E.R.T.ના એક અભ્યાસમ 23(ત્રેવીસ) મૂલ્યોની સુચિ અને તેનું વર્ગીકરણ આ પ્રમાણે કરવામાં આવ્યું છે.

A. આધ્યાત્મિક મૂલ્યો : સત્ય, સર્વધર્મ સમભાવ, નિષ્ઠા

B. નૈતિક મૂલ્યો : પ્રમાણિકતા, સંયમ, ચારિત્ર્ય, ન્યાય, સદાચાર

C. સામાજિક મૂલ્યો: સહિષ્ણુતા, સામાજિક ન્યાય, સમભાવ, સહકાર, માનવતા

D. આર્થિક મૂલ્યો : ઉત્પાદક્તા

E. જૈવિક મૂલ્યો : સ્વરક્ષણ,આહાર

F. રાજકીય મૂલ્યો : સ્વદેશ પ્રેમ, લોકશાહી

G. વૈશ્વિક મૂલ્યો : વિશ્વબંધુત્વ, માનવીય દ્રષ્ટિ, માનવ હક્ક

H. શારીરિક મૂલ્યો : સ્વાસ્થ્ય

આ પ્રકારના મૂલ્યોનું શિક્ષણ આપવાના વિવિધ અભિગમો છે. ડૉ. કિશોર શાહના માટે બે અભિગમો છે : (1) વિવેચનાત્મક તપાસ અભિગમ, (2) સમગ્રતયા પર્યાવરણીય અભિગમ

પૂજ્ય મોરારી બાપુના મતે મૂલ્યશિક્ષણના પાંચ સોપાનો આ પ્રમાણે છે: (1) પ્રમાણિકતા, (2) આંતરિક પવિત્રતા, (3) વિવેકપૂર્ણ પૃથક્કરણ, (4) પ્રયોગ, (5) પ્રેમપૂર્ણતા. તો વળી અન્ય એક સ્થાને મૂલ્ય શિક્ષણના "ઔપચારિક અને અનૌપચારિક અભિગમોની" ચર્ચા કરવામાં આવી છે.

## મૂલ્ય શિક્ષણ દ્વારા મનાવ ઘડતર

વ્યક્તિના શિક્ષણની શરૂઆત જોવા જઈએ તો તેની ગર્ભાવસ્થા દરમિયાન જ થતી રહે છે એટલે જયારે બાળક પોતાની માતાના ગર્ભમાંથી જ કઈંક શીખવા માંડે છે. આપની સામે અભિમન્યુનું ઉદાહરણ છે જ. તેથી

આ અવસ્થા દરમિયાન જો સ્ત્રીઓ સારા પુસ્તકોનું વાચન કરે તો તે બાળકોમાં મૂલ્યોનુનો સારી રીતે વિકાસ થઈ શકે છે.

ત્યારબાદ બાળક પોતાના કુટુંબના સંપર્કમાં આવે અને તે ત્યાંથી ઘણું બધું શીખે છે. પરંતુ જયારે તેના કુટુંબનું વાતાવરણ જો યોગ્ય ન હોય તો તેનામાં સારા મૂલ્યોનો વિકાસ થતો નથી અને જો વાતાવરણ સુયોગ્ય હોય તો વ્યક્તિ તેના કુટુંબમાંથી પણ ઘણી બધી સારી બાબતોને ગ્રહણ કરે છે. કુટુંબના વાતાવરણમાં જો યોગ્ય રીતે સારા એવા પોસ્ત્કોનું વાંચન થતું હોય તો તેનામાં સારા સદગુણોનો વિકાસ થાય છે.

પછીથી જયારે શાળામાં આવે ત્યારે શાળાનું યોગ્ય ભાવાવરણ અને યોગ્ય મિત્રો સાથેની મિત્રતા પણ અગત્યનો ભાગ ભજવે છે. આમ જોવા જઈએ તો જો યોગ્ય મિત્રો ન મળે તો પણ વ્યક્તિ ઘણીવાર અવળે રસ્તે ચડી જાય છે અને સમાજ માટે તે ઘાતક પરિબળ બને છે. બીજી બાજુ જો શાળાનું ભાવાવરણ અને યોગ્ય શિક્ષકોની તેના પર અસર પડે તો સમાજને ઉપયોગી એવો નાગરિક તે બની શકે અને રાષ્ટ્રના વિકાસમાં યોગ્ય ફાળો આપી અને એક સારા રાષ્ટ્રના નિર્માણમાં પોતાનો ફાળો આપી શકે.

આમ, વ્યક્તિના જન્મથી માંડીને જેમ-જેમ તેનો વિકાસ થતો જાય તેમ-તેમ તેની સાથે સંપર્કમાં આવતી દરેક સંસ્થા તેના વિકાસમાં જો યોગ્ય ધ્યાન આપે તો એક મૂલ્યનિષ્ઠ રાષ્ટ્ર ઘડતરની રચનામાં પોતાનો અમૂલ્ય અને કીમતી ફાળો નોંધાવે તે રાષ્ટ્ર માટે ખૂબ જરૂરી છે.

## ઉપસંહાર

આમ, મૂલ્ય એ વ્યક્તિના જીવનમાં ખૂબ જ ઉપયોગી છે. જો વ્યક્તિના જીવનમાં યોગ્ય મૂલ્યોનું ઘડતર થયેલું હોય તો તે એક સારો માનવ બની અને રાષ્ટ્રના વિકાસમાં યથાયોગ્ય પોતાનો ફાળો આપે છે. અને સાથે જ શિક્ષણની પ્રક્રિયામાં પણ મૂલ્યને મહત્વ આપવામાં આવે તો તેના માધ્યમ દ્વારા ખુબ અગત્યનું કાર્ય થઈ શકે તેમ છે. ટુકમાં, મૂલ્ય એટલે વિવેક જીવનરીતીમાં વણાયેલો વિવેક. મૂલ્ય એ વ્યક્તિને, સમાજને અને સમગ્ર વિશ્વને દોરવાનું કાર્ય કરે છે.અને સમગ્ર વિશ્વને દોરવાનું કાર્ય કરે છે.

## સંદર્ભ સૂચિ

આર્ય, કે.એ. (૨૦૧૦). સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની શિક્ષણ વિદ્યાશાખાના તાલીમાર્થીઓમાં પ્રવર્તમાન મૂલ્યો : એક અભ્યાસ.પી એચ.ડી. મહાનિબંધ. Retrived from:http://etheses.saurashtrauniversity.edu on 10th April 2018.

જોષી, એચ. ઓ. (૨૦૦૦). શૈક્ષણિક તત્વજ્ઞાન. રાજકોટ: શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી. પૃ ૧૨૩-૧૪૦

જોષી, ડી.એચ. (૨૦૦૪). મૂલ્યોનું શિક્ષણ. રાજકોટ : મનોરમા પ્રકાશન

પટેલ, મણિભાઈ (૧૯૫૯) મહાત્મા ગાંધીની કેળવણીની ફિલસૂફી. અમદાવાદ : નવજીવન પ્રકાશન મંદિર

પટેલ, એચ.ઓ.(૧૯૯૫). મૂલ્યલક્ષી શિક્ષણ. શિક્ષક નિદર્શીની, અમદાવાદ : ગુજરાત રાજ્ય

રાવલ, સી.વી. (૧૯૯૨). મૂલ્યો અને માનવ સમાજ. અમદાવાદ : ગુર્જર પ્રકાશન.